

## ધાનેરામાં બે કેસ કોરોના પોઝિટિવ આવતા સ્થાનિક તંત્રએ કાર્યવાહી હાથ ધરી

ધાનેરા પોલીસ સ્ટેશનમાં વ્યાજખોરીના ગુનામાં જેલમાં રહેલા બે આરોપી કોરોના પોઝિટિવ આવતા સ્થાનિકતંત્ર પણ દોડતું થયું છે, ત્યારે આજે નગરપાલિકા વિસ્તારને કંટેનમેન્ટ ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યો છે તો તેની આજુબાજુના વિસ્તારને બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે. તમામ રસ્તાઓ પર વાંસ બાંધી રસ્તાઓ બ્લોક કરી દેવામાં આવ્યા છે તો ક્યાંક ને ક્યાંક રસ્તાઓ બંધ થતા ત્યાંથી અવરજવર કરતાં વેપારીઓમાં નારાજગી જોવા મળી હતી અને તમામ વેપારીઓએ ભેગા મળી ધાનેરા નગરપાલિકા ખાતે રજૂઆત કરવા પણ આવ્યા હતા. અત્યાર સુધી ધાનેરા વિસ્તારમાં સાત જેટલા કોરોના પોઝિટિવ કેસ આવ્યા છે જેમાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે તો ત્રણ વ્યક્તિઓને સાજા થઈ ઘરે ગયા છે. અત્યારે ત્રણ વ્યક્તિઓ ધાનેરા વિસ્તારના ૩ લોકો સારવાર હેઠળ છે, અત્યારે તો તંત્ર દ્વારા પણ તમામ કામગીરી કરી દેવામાં આવી છે અને વધુ પડતું કોરોનાનું સંક્રમણ ન ફેલાય તે માટેની તમામ તૈયારીઓ કરવામાં આવી છે.

# ૧૧ માસનો બાળક કોરોના સામે જંગ જીતી સ્વસ્થ થયો

બનાસ મેડિકલ કૉલેજ કોવિડ હોસ્પિટલમાં કોરોના પોઝીટીવ બાળ દર્દીઓ માટે વિશેષ કાળજી રાખવામાં આવે છે. ૧૧ મહિનાના બાળકને કોરોના પોઝીટીવ આવ્યો હતો. ડીસાથી તેને સારવાર અર્થે બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જેને મેડિકલ કોલેજના બાળરોગ નિષ્ણાત ડૉ. અજીત શ્રીવાસ્તવ અને તેમની ટીમ દ્વારા દાખલ કરી સારવાર આપવામાં આવી હતી. બાળકનો કોરોના રિપોર્ટ પોઝિટીવ આવ્યો હતો. જે ઉપરાંત તેના શરીરમાં લોહી પણ ઓછું હતું. લોહી આપવા સાથે લોહીના પ્લેટલેટ અને અલ્બુમીન પ્રોટીન પણ આપવા પડ્યા હતા. કીડની કામ ન કરતી હોવાથી તેને લગતી ઘનિષ્ટ સારવાર કરવામાં આવી હતી. લીવર માટે પણ સારવાર આપવી પડી હતી. કોવિડ ન્યુમોનિઆની સારવાર તો ચાલુ જ હતી. દર્દી જરૂરિયાતમંદ પરિવારમાંથી હોવાથી દવાઓ અને લોહી બધી વ્યવસ્થાઓ બનાસ મેડિકલ કોલેજ દ્વારા કરવામાં આવી હતી. ડોકટર તેમજ સ્ટાફ દ્વારા જાણે કે પોતાનું જ સ્વજન બાળક હોય તેવી રીતે સારવાર અને સંભાળ પૂરી પાડવામાં આવી હતી. છેવટે અથાગ મહેનત રંગ લાવી, બાળકનું સ્વાસ્થ્ય ધીમે ધીમે સુધરવા લાગ્યું. તેનો કોરોના રિપોર્ટ પણ નેગેટિવ આવ્યો. જે બાદ તેને રજા આપવામાં આવી છે.



બનાસ મેડિકલ કૉલેજ કોવિડ હોસ્પિટલની ટીમ દરેક કોરોના પોઝીટીવ દર્દીનું જીવન બચાવવા માટે ખૂબ જ પરિશ્રમ કરે છે.

કોરોના મહામારી સમયે બનાસકાંઠા માટે અને તેમાં પણ ખાસ કરીને ગરીબ વર્ગ માટે તો આ હોસ્પિટલ રણમાં જાણે કે વિરડી સમાન બની છે. સ્વ. ગલબાકાકાના સ્વપ્નને તો બનાસ ડેરી ચરિતાર્થ કરે છે પરંતુ ડેરી સંચાલિત મેડિકલ કોલેજ સ્વ. ગલબાકાકાને કે જેઓનું અકાળ અવસાન અહીં થયું હતું તેઓને એક એક દર્દીની સારવાર રૂપે સાચી શ્રદ્ધાંજલિ અપાઈ રહી છે...



## કોરોના પોઝીટીવ સગર્ભા મહિલાએ બાળકને આપ્યો જન્મ

બનાસકાંઠામાં એપ્રિલ મહિનાથી કોરોના કેસ આવવાના શરૂ થયા છે. બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાં ન માત્ર કોરોના પોઝીટીવ દર્દીઓ પરંતુ તેની સાથે જે સગર્ભા મહિલાઓ કોરોના પોઝીટીવ હોય તેમની પણ સારવાર કરવામાં આવે છે. વડગામ તાલુકાના ધારેવાડા ગામની એક સગર્ભા મહિલાને કોરોના પોઝીટીવ આવતા તેને સારવાર અર્થે ખસેડાઈ હતી. પૂર્ણ માસનો ગર્ભ હોઈ પ્રસૂતિની પીડા થતાં ડૉ. મધુસુદનના માર્ગદર્શનમાં ડૉ. તરલ કચોરીયા અને ડૉ. ચિંતન પટેલે સફળતાપૂર્વક કોરોના પોઝીટીવ સગર્ભાને નોર્મલ પ્રસૂતિ કરાવી હતી. નવજાત શિશુની સંભાળ અને સારવાર તરત જ ડૉ. અંજુમ દ્વારા આપવામાં આવી હતી. નર્સ મધુબેન અને સુરેખાબેન દ્વારા પ્રસૂતિ સમયે જરૂરી મદદ પૂરી પાડવામાં આવી હતી. માતા અને શિશુ બંનેના સંપૂર્ણ સ્વાસ્થ્ય માટે બધી જ કાળજી રાખવામાં આવી રહી છે. બનાસ મેડિકલ કોલેજની કોવિડ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ સગર્ભા માટે અને પ્રસૂતિ થાય તો નવજાત શિશુ અને માતા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. કોવિડ હોસ્પિટલના ડોકટરો અને સ્ટાફ પણ આવા કેસમાં ખાસ તકેદારી રાખે છે.

# ખેડબ્રહ્મા તાલુકાના ખેડવાની સગીરનું અપહરણ કરતા ફરિયાદ

ગત ૬ મેં ના રોજ રાત્રીના ખેડવાનો પરિવાર જમી પરવારીને સુઇ ગયેલા તે દરમ્યાનમાં આશરે રાત્રીના અગીયારેક વાગ્યા આસપાસ સગીર દીકરી ઘરની બહાર નીકળેલ પરંતુ અડધો કલાક થતા પણ તે પાછી આવેલ નહીં જેથી તેની શોધખોળ કરતા મારી દીકરી મળેલ નહીં જેથી બીજા દીવસે સવારના સગા વહાલામાં તપાસ કરતા સગીર દીકરી મળી આવેલ નહીં જેથી અગાઉ તા.૦૫/૦૪/૨૦ ના રોજ સગીર દીકરીને સનાલી ગામનો લલીત ઉર્ફ લાલો સંજયભાઇ તરાલ રહે. સનાલીતા. દાંતાવાળો ભગાડી લઇ ગયેલ હોય સગીરના માતા પિતા તથા તેમના ભાઈ શંકરભાઇ ત્રણેય જણા શોધ ખોળ કરતા તા.૧૪/૦૪/૨૦ના રોજ સગીર દીકરી હડાદ તા.દાંતા મુકામેથી મળી ગયેલ અને આ લલીત ઉર્ફ લાલો તરાલ નાસી ગયેલો જેથી સગીર દીકરી ઘરે લઇ આવેલ અને હાલમાં વાયરસ ની બીમારી ચાલતી હોય લોકડાઉન ચાલતું હોય અને સગીર દીકરીની તથા તેમની આબરૂ જશે તેવા ડરથી ફરીયાદ આપેલી નહીં અને અવાર નવાર આ સનાલી તા.દાંતા મુકામે લલીત ઉર્ફ લાલા તરાલના ઘરે તપાસ કરવા જતા આ લલીત ઉર્ફ લાલાને એક પત્ની પણ હોય જે નામે પાયલબેન ને પુછતા આ લાલો ઘરે આવતો નથી તેવું અને અગાઉ સગીર દીકરીએ ઘરે મો.નં.૯૩૨૮ ૯૭૫૩૪૪ ઉપરથી ફોન કરેલ કે આ લલીત ઉર્ફ લાલા તરાલ જોડે પોતે હોવાનું જણાવેલ અને ફોન બંધ કરી દીધેલ સગીર દીકરી ઘરે પરત આવી જશે અને અમારી આબરૂ પણ બચી જશે તેવું વીચારેલ અને મો.નં. ૬૩૫૪૯ ૫૬૧૨૧ ઉપરથી ગયા પરમદીવસે સગીર દીકરી ફોન આવેલ કે ગોળા તા.વડગામ મુકામેથી સગીર દીકરી બોલું છું.અને શું કરો છો તેવી વાત કરી ફોન મુકી દીધેલો અન પરીવારે આ મો.નં.૬૩૫૪૯૫૬૧૨૧ ઉપર ફોન કરતા એક પુરૂષ માણસે વાત કરેલ કે ગોળા તા.વડગામથી બોલું છું અને આ લાલો ઉર્ફ લલીત મારો સાળો થાય છે અને એક છોકરી લઇ આવેલ હતો અને બાજરી કાપીને મજુરીના પૈસા લઇ નીકળી ગયા છે તેવી વાત કરતા ખબર પડેલ કે આ મારી દીકરીને સનાલી ગામનો લલીત ઉર્ફ લાલો સંજયભાઇ તરાલ રહે. સનાલી તા. દાંતાવાળો મારી સગીર દીકરીની સાથે બદકામ કરવાના ઇરાદે તેને લલચાવી ફોસલાવી ભગાડી લઇ ગયેલ હોય તેની માતાએ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમા ફરિયાદ નોંધાવી હતી.



## ધાનેરા પોલીસ સ્ટેશનની સરકારી ગાડીને અકસ્માત

કોરોના કહેર વચ્ચે ધાનેરા પોલીસ પણ લોકોને બચાવવા માટે રાત-દિવસ મહેનત કરી રહી છે અને ધાનેરામાં કોરોનાનું સંક્રમણ ન વધે તે માટેની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે આજે ધાનેરા પોલીસ સ્ટેશનની સેકન્ડ મોબાઈલવાનનો ધાનેરાના ગંજ રોડ ખાતે અકસ્માત સર્જાયો હતો. ધાનેરા પોલીસ વાહન પેટ્રોલિંગમાં હતી તે સમય દરમિયાન ફતેપુરા માર્ગ પરથી આવેલી આઈસર ગાડી સાથે અકસ્માત સર્જાતા ગાડીને પણ નુકસાન થવા પામ્યું હતું સાથે સરકારી ગાડીના ડ્રાઈવરને પણ સામાન્ય ઈજાઓ થતા સારવાર અર્થે રેફરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. આઈસર અને સરકારી ગાડી વચ્ચેના અકસ્માતમાં માત્ર ડ્રાઈવરને સામાન્ય ઈજા થવા પામી છે જેથી કરીને કોઈ મોટું નુકસાન કે કોઈ મોટી જાનહાનિ ન થતા સ્થાનિક પોલીસે પણ રાહતનો શ્વાસ લીધો છે.

# મોડાસાની કશ્યપ સોસાયટીના ખુલ્લા પ્લોટમાં થતી ગંદકીથી રોગચાળાની ભીતિ

### સોસાયટીના ખુલ્લા પ્લોટમાં ઝાડી ઝાંખરાની ગંદકીને કારણે ભૂંડનો પણ ત્રાસ...

મોડાસા શહેરના માલપુર રોડ નજીક આવેલી કશ્યપ સોસાયટી ના ખુલ્લા પ્લોટ માં થયેલ ગંદકી અને તેના લીધે સોસાયટી માં વધી ગયેલા ભૂંડ ના ત્રાસ ને લઈ સોસાયટી ના રહીશો વિજયકુમાર એમ પ્રજાપતિ અને અન્ય રહીશો દ્વારા સોસાયટી માંથી ગંદકી દૂર કરી ને ભૂંડ હટાવવા ની કાર્યવાહી કરવા નગરપાલિકા માં રજૂઆત કરવામાં આવી છે .રજૂઆત માં જણાવ્યા પ્રમાણે પણ ઉપદ્રવ વધી ગયો છે .. ચોમાસા ને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે આ સોસાયટી માં તાત્કાલિક ગંદકી દૂર કરવામાં નહિ આવે તો રોગચાળો થવાની દહેશત સેવાઈ રહી છે ત્યારે સોસાયટીમાં



ત્રાહિમામ પોકારી ઊઠયા છે ..સોસાયટી ના ખુલ્લા પ્લોટ માં મોટાપાયે થયેલી ગંદકી ને લઈને સોસાયટી ના જ રહીશ સોસાયટી માં ખુલ્લા પ્લોટો માં મોટા પાયે ઝાડી ઝાંખરા ઉઘી નીકળવાને કારણે તેમાં ભૂંડ નો વસવાટ થઈ ગયો છે. મચ્છરોનો ખુલ્લા પ્લોટ માંથી તાત્કાલિક ઝાડી ઝાંખરા ને ગંદકી દૂર કરી ને સોસાયટી માંથી ભૂંડ દૂર કરવાની કાર્યવાહી કરવા તંત્ર સમક્ષ માંગ કરી છે.



## ધાનેરાના સવાણી પરિવાર દ્વારા ધાનેરા નગરપાલિકા ટીમ તેમજ પત્રકારોનું સન્માન કર્યું

છેલ્લા બે મહિના કરતા પણ વધુ સમયથી સ્થાનિકતંત્ર નગરપાલિકાની ટીમ તેમજ પત્રકાર મિત્રો કોરોના વાયરસ સામે પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ કામગીરી કરી રહ્યા છે ત્યારે આ તમામ લોકોની કામગીરીને આજે ધાનેરાના સવાણી પરિવારે બિરદાવી છે અને ધાનેરાના સવાણી પરિવાર દ્વારા ધાનેરા નગરપાલિકાના અગ્રણીઓ તેમજ પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું અને જે છેલ્લા કેટલાક વર્ષોથી જમીન પર પડી હતી તે જમીનની સાફ-સફાઈ કરી આ પરિવાર દ્વારા તમામ જમીનને પણ જીવ દયાનો ઉપયોગ માટે સુપ્રત કરવામાં આવી છે.

# મેઘરજ પોલીસે રોયણીયા પાસેથી પીકઅપ ડાલામાં કતલખાને લઈ જવાતા ૫ ગૌવંશને બચાવી લીધુ

લોકડાઉનની સ્થિતિના પગલે અરવલ્લી જીલ્લા પોલીસ વ્યસ્ત બનતા બુટલેગરો અને કસાસીઓની ગેરકાયદેસર પ્રવૃત્તિઓએ માજા મૂકી છે. રાજસ્થાનમાંથી ગેરકાયદેસર પશુઓને મેઘરજના અંતરિયાળ વિસ્તારોમાંથી કસાઈઓ કતલખાને પહોંચાડી રહ્યા હોવાની બાતમી મેઘરજ પીઆઈ જે.પી. ભરવાડને મળતા મેઘરજ પોલીસે અંતરિયાળ વિસ્તારોના માર્ગો પર સઘન પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. રોયણીયા ગામ પાસેથી પીકઅપ ડાલાનો ચાલક પોલીસજીપ જોઈ ડાલુ ભગાવી મૂકી આગળ જઈ ડાલુ મૂકી બે કસાઈઓ રફુચક્કર થતા મેઘરજ પોલીસે પીકપડાલામાં ક્રૂર રીતે ભરેલ ૫ ગૌવંશને બચાવી લઈ ૧.૮૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મેઘરજ પોલીસે હાલમાં લોકડાઉનની સ્થિતિના પગલે મેઘરજ તાલુકામાંથી હેરફેર કરતાં વાહનો ઉપર પોલીસ નજર રાખી રહી છે ત્યારે રોયણીયા ગામ નજીકથી રાજસ્થાન બાજુથી પીકઅપ ડાલુ (ગાડી.નં. જી.જે.૦૧.ઈ.ટી.૯૫૩૪)માં ગેરકાયદેસર ગૌવંશ ભરી પીકપડાલુ પસાર થવાનું હોવાની બાતમી મળતા પોલીસે રોયણીયા ગામના અંતરિયાળ વિસ્તારમાં વોચ ગોઠવી હતી અને વાહનોનું ચેકીંગ હાથ ધરતાં પીકપડાલામાં રહેલ કસાઈઓ મેઘરજ પોલીસની જીપ જોઈ જતા પીકઅપ ડાલુ દોડાવી મૂક્યું હતું અને થોડે દૂર આગળ પહોંચી પીકપડાલુ રોડ પર મૂકી બે કસાઈઓ ફરાર થઈ જતા મેઘરજ પોલીસે પીકઅપ ડાલામાં ગાય-૪ અને બળદ-૧ ને દોરડા વડે મુશ્કેટાટ મરણતોલ હાલતમાં ઘાસચારાની કે પાણીની સગવડ



કર્યા વગર ક્રૂરતા પૂર્વક બાંધેલ ૫ ગૌવંશને કતલખાને પહોંચે તે પહેલા બચાવી લઈ પાંજરાપોળ મોકલી આપવા તજવીજ હાથ ધરી હતી. મેઘરજ પોલીસે પીકઅપ ડાલામાંથી બચાવી લીધેલ ગૌવંશ નંગ-૫ કીં. રૂ.૩૫૦૦૦ તથા પીકઅપ ડાલુ મળી કુલ રૂ.૧૮૫૦૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી બે કસાઈઓ વિરુદ્ધ પ્રાણી અત્યાચાર નિવારણ કલમ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.


# સાબરકાંઠાના તલોદ તાલુકામાંથી ૧૧૦૪ પરપ્રાંતિય શ્રમિકોને વતન પહોંચાડ્યા

તલોદ, તા. ૧

વૈશ્વિક કોરોના મહામારીને કારણે ભયભીત થઈ ગયેલા અને લોકડાઉનના કારણે લાંબા સમય સુધી ફેકટરીઓ બંધ રહેતા આજીવિકાની સમસ્યાથી પીડાતા મનાતા પરપ્રાંતિય શ્રમિકોએ માદરે વતન પહોંચવાની જીદ કરતા સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાંથી કુલ ૧૦૮૮ શ્રમિકો અને ૧૬ બાળકો મળી કુલ ૧૧૦૪ પરપ્રાંતીય મુસાફરોને તલોદથી તેમના વતન પહોંચાડવાની પ્રશંસનીય વ્યવસ્થા કરવામાં આવી હતી.

આ ૧૧૦૪ મુસાફરોને તલોદથી કુલ ૪૦ એસટી બસમાં જે તે રેલ્વે સ્ટેશન ખાતે અને ત્યાંથી નિર્ધારિત રાજયમા તેઓના વતનમાં ટ્રેન દ્વારા ક્રમશઃ સલામતીપૂર્વક પહોંચાડવામાં આવ્યા હતા. આ પર પ્રાંતીય શ્રમજીવીઓમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, બિહાર, ઝારખંડ, આસામ અને પશ્ચિમ બંગાળના શ્રમિકોનો સમાવેશ થાય છે. જેમાં ૧૬ બાળકો પણ વતનમાં પહોંચી ગયા છે. વતનમાં પહોંચવામાં સફળ રહેલા આ શ્રમિકોમાં ૪૫૪ યુ.પી.ના, ૯૬ એમ.પી.ના, ૩૬૧ બિહારના, ૧૦૧ ઝારખંડના, ૧૫ આસામના અને ૬૧ પશ્ચિમ બંગાળના શ્રમિકોનો સમાવેશ થાય છે. જેમાં ૧૬ બાળકો પણ હતા.

શ્રમિકો ભાઈ બહેનો તથા તેઓના બાળકોને માદરે વતન પહોંચાડવા જિલ્લા કલેકટર સી.જે. પટેલના માર્ગદર્શન અન્વયે તલોદ મામલતદાર અગરસિંહ ચૌહાણ, તાલુકા વિકાસ અધિકારી હર્ષદભાઈ પટેલ, તલોદ નગરપાલિકાના ચીફ ઓફિસર સંજયકુમાર રામાનુજ, પીએસઆઇ ગૌતમ સ્વામિની ટીમે તથા સંખ્યાબંધ અધિકારીઓ અને કર્મચારીઓએ પણ ભારે જહેમત ઉઠાવી હતી. જેઓએ માન સન્માનપૂર્વક શ્રમિકોને નાસ્તા/પાણી તથા માસ્કની સુવિધા સાથે વિદાય આપી હતી. બિહારના શ્રમિકોની વિદાયવેળાએ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની આગેવાની હેઠળ તલોદ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મંગુસિહ ઝાલા સહિતના કોંગીજનો હાજર રહ્યા હતા. જેઓએ હાજર એવા ૧૦૦ જેટલા શ્રમિકોને તેઓએ સરકારને ચૂકવેલા ૮૦૦ મુજબના નાણાં રોકડા આપ્યા હતા.





સમગ્ર વિશ્વમાં કોરોના મહામારી રોગને મહાત કરવા સમગ્ર વિશ્વમાં ભારે કવાયતો કરવામાં આવી રહી છે. આ રોગથી સમગ્ર વિશ્વમાં ભયનો માહોલ છે તેમ છતાં સરકારીતંત્ર અને ખાસ કરીને આરોગ્ય વિભાગના કર્મચારીઓ પરિવારની કે પોતાની ચિંતા કર્યા સિવાય રાત દિવસ કોરોનાના દર્દીઓની સેવાઓ કરી રહ્યા છે અને તેમનો પરિવાર પણ આ સેવાકિય યજ્ઞમાં કોરોના વોરિયર્સ બની સાથ સહકાર આપી રહ્યો છે. આવો જ એક પરીવાર તલોદ તાલુકાના પુંસરી પાસેના નવા ગામનો છે જે સાચા કોરોના વોરિયર્સ બનીને રાષ્ટ્રીય સેવિકા માનવ સેવાની નેમ સાથે કોરોના વોરિયર્સ બનીને છેલ્લા કેટલાય દિવસોથી સેવા આપી રહ્યો છે. નવા ગામના વિષ્ણભાઈ પટેલ સામાન્ય ખેડૂત છે અને ખેતીનો વ્યવસાય કરી રહ્યા છે. તેમના ધર્મપત્ની એફએચડબલ્યુ તરીકે સેવા આપી રહ્યા છે, પુત્ર અને પુત્રી પણ વાત્રક કોરોના હોસ્પિટલમાં સ્ટાફ મિત્રમા સતત સેવા આપે છે અને પુત્રવધુ પણ સ્ટાફ નર્સ તરીકે કોરોના વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી કોરોનાના દર્દીઓની સેવા આપે છે. જયારે જોડીયા બે નાના નાના પૌત્રોને વિષ્ણુભાઈ જાતે નવા ગામના તેમના ઘરે સાચવી રહ્યા છે અને પરિવારને વોરિયર્સમાં પ્રોત્સાહિત કરી રહ્યા છે.